સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

ખોટા ખર્ચના ખાડે મેટ્રો દોઢે આંટે ચડી ગઇ!
ખાયકીનું મળ્યું સિગ્નલ આડે ફાંટે ચડી ગઇ!
કાંટે ચડી ગઇ જાહેરાતોના જુઠ્ઠા પ્રચારમાં -
અધિકારીની ખટપટે આડે પાટે ચડી ગઇ!
(ગુજરાતની મેટ્રો ટ્રેન)



રાષ્ટ્રપતિજી
- એ કર્યું સ્તુતિગાન -
મોદી મંદ્રોનું..
(બન્ને ગૃહોને સંબોધન)

પરીક્ષા-લક્ષી,
કૌભાંડોનું મૂળ છે -
રાજા પાઠક!
(નિર્દોષ ના નિર્દોષ)

ચિંતન

અકુરુણત્વમકારણ વિગ્રહઃ પરધને પરયોષિથિ ચ સ્પૃહા ।
સુજન બંધુજનેષ્વ સહિષ્ણુતા, પ્રકૃતિ સિદ્ધમિદં હિ દુરાત્માનમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'દુર્જન નિંદા' નો આ શ્લોક છે :

દુર્જન-દુષ્ટ પુરૂષોમાં આટલી બાબતો તો સામાન્ય રીતે અને સ્વાભાવિકપણે તેમના સ્વભાવ-આચરણ-વર્તનમાં સ્પષ્ટ પણ રહેલી દેખાતી જ હોય છે. નિર્દયતા, કારણ વિનાનો કજીયો-કંકાસ-વાદ-વિવાદ, પરધન-અને પરસ્ત્રીમાં સ્પૃહા રસ દાખવવો તેમજ સજ્જન અને સ્વજનનો પ્રત્યે અસહિષ્ણુતા - આ તમામ દુર્ગુણો દુષ્ટ જનોમાં સ્વાભાવિક રીતે જ રહેલા હોય છે.

દુર્જન અને દુષ્ટ સ્વભાવના લોકો જ્યાં રહેતાં હોય ત્યાં સુખ-શાંતિ, પ્રેમ ભર્યું-આનંદમય વાતાવરણ ભાગ્યે જ જોવા મળે છે કારણ કે એમની દૃષ્ટિમાં વહેમ-શંકા અને સદાય કાળી બાજુ દોષ જોવા જ ટેવાયેલી હોય છે, દયાહીન અને કારણ વિનાનો કંકાસ લઇ સામેની વ્યક્તિને આવું બોલવાથી કેટલો અને કેવો આઘાત લાગશે એનો વિચારતો એ કરતાં જ નથી. પરિણામે તેમની હાજરી અને વાતોથી જ વાતાવરણ બગડે છે.

એમનું ચારિત્ર્ય પણ શિથિલ હોય છે અને નિષ્ઠા-કર્તવ્યથી પણ ચલિત હોય છે.

સુવિચાર

- 'સબ્ર' એક ઐસી સવારી હૈ જો અપને 'સવાર' કો કભી ગીરને નહીં દેતી.. ના કીસી કે 'કદમોં મેં' ઔર ન કીસી કી 'નઝરોં સે' **- એસ.એમ.એસ.**
- સમય ભિખારી નથી... સમય પરીક્ષક છે.. તપાસે છે.. તાપે છે અને શૂરવીરના માથે યશનું વિજય તિલક કરે છે.. બાકીના ને આપે છે શ્વસનનો પરવાનો!! **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અસલી મોટાઇ ખુદાઇ બનવામાં નથી, માણસ બનવામાં છે કારણ કે માણસાઇ એ જ ખુદા બનવાની ચાલણ ગાડી છે.. માણસાઇનો કક્કો ઘૂંટ્યા વિના ખુદાની બારાખડી ન આવડે **- જ્ઞાનસૂત્ર**
- બોલી ને જીતનાર કરતાં બોલીને પાયમાલ થનારની સંખ્યા ઘણી મોટી છે **- અખંડ આનંદ**
- આજના યુગમાં સાધનની બોલબાલા વધી છે... સાધનાની નહીં.. એટલે સાધના જન્ય શક્તિ માણસમાં વિકસીત થતી નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- સમત્વ સમદૃષ્ટિ નોંતરે છે.. મમત્વ ભેદદૃષ્ટિ **- ધર્મસૂત્ર**
- માણસ ખંડિત બન્યો છે.. માટે જ ઇશ્વર દ્વારા એને દંડિત થવું પડ્યું છે- **અમૃતબિંદુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

કેટલાક લોકો, ધંધાદારી-વકીલ, ઇન્કમટેક્ષનો અધિકારી, વેપારી વગેરે 'આપવામાં' તો સમજતાં જ નથી હોતા. 'લેવાની વૃત્તિ' અને 'લેવામાં જ સમજે..'

એકવાર મુલ્લા નસરૂદ્દીનની રેલ્વે સ્ટેશને ફરવા ગયા. જોયું તો પ્લેટફોર્મની ધાર પાસે ટોળું હતું. પૂછ્યું અને જોયું તો ખબર પડી એક ઠીંગણો કાળા કોટવાળો વકીલ પ્લેટફોર્મ પરથી નીચે પડી ગયો હતો. ઉપર આવવા પહોંચી નો'તો શકતો. લોકો નીચા નમે તારા હાથ ઊંચો કરી આપ - જલદી આપ ટ્રેન આપવાનો સમય થઇ ગયો છે એમ બૂમો પાડતા હતા પણ પેલો હાથ આપતો ન હતો. હાથ લાંબો જ ન કરે!

નસરૂદ્દીન સ્થિતિ જોઇ વસ્તુ પામી ગયા. પેલાને પુછ્યું, તું શું કામ કરે છે? પેલો કહે, 'ઇન્કમટેક્ષનો વકીલ છું.'

મુલ્લાં નીચા નમ્યા અને કહ્યું લે, મારા હાથમાં સો રૂની નોટ છે એને ફી સમજી મારો હાથ પકડી લે! પેલાએ પંજા પર ઊંચો થઇ હાથ લાંબો કર્યો. અને મુલ્લાંનો હાથ પકડી લીધો અને મુલ્લા નસરૂદ્દીને એને ઉપર ખેંચી લીધો. આવા લોકો 'આપ'ની ભાષા ન સમજે 'લે' કહીએ તો તરત જાગૃત થઇ જતા હોય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

ઝગડો બહુ તગડો...!! સાચું કહેજો તમે સાવ ફાલતું કારણ પર ઝગડો છો ને??

છે બીજા હજાર કારણો હસવાના તારા સિવાય પણ, અશ્રુઓ નયનોથી ઝરતાં હતા, એ સમય વીતી ગયો
શીખ્યું છે સંભળતા, અસંખ્ય ઠોકરો ખાધાં પછી અમે, ફક્ત તારી સાથે ઝગડતા, એ સમય વીતી ગયો

તમે ક્યારેય કોઇ સાથે ઝગડો કર્યો છે? મને ખબર છે તમારાં માનાં મોટાં ભાગના એમ જ કહેશે શું યાર ફાલતું સવાલ કરો છો? હું કયા કોઇની સાથે ઝગડુ છું? આ તમારા કહેવાનું ખરું-ખોટું કરવા કરતાં ક્યારેય કોઇ સાથે ઝગડો થયો જ ના હોય એવી સ્ત્રી કે પુરૂષ તમારાં ધ્યાને છે? મને તો ખબર નથી, અને જાણમાંય નથી કારણ કોઇનો ક્યારેક તો નાનો મોટો ઝગડો થયેલો જ હોય છે અને એમાંય પતિ-પત્ની હોય તો જવાબ જાણવાની જરૂર ખરી? એટલે હવે જરાં આગળ જે પ્રશ્નાવલિ આપી છે, એની પોતાની જાત સાથે પ્રામાણિક રહી સાચાં જવાબ આપજો. સાચું / ખોટું / ક્યારેક માંથી એક વિકલ્પ પસંદ કરજો.

- મારે ઝગડવું નથી હોતું પણ ઝગડવું પડે છે.
- ઝગડતી વખતે મારો અવાજ ઊંચો થઇ જાય છે.
- ઝગડતી વખતે હું સામેની વ્યક્તિનું કશું જ સાંભળી લેતી નથી.
- ઝગડતી વખતે જો મારો ગુસ્સો કાબુ બહાર ચાલ્યો જાય તો મારવું / વસ્તુ મારી ફેંકવી / મારવા દોડી જવું અથવા આવા પ્રકારનું કોઇ અન્ય વર્તન થાય છે.
- ઝગડતી વખતે ખુબ ઉત્તેજિત થવાથી મને સુસંગત અને મુદ્દાસર બોલવા આવડતું નથી, શબ્દો યાદ આવતાં નથી અને એના કારણે મને મારી જાત પર પણ ગુસ્સો આવે છે.
- ઝગડતી વખતે ત્યારના મુદ્દાને બાજુએ રાખી આગળનાં ઝગડાને પણ હું યાદ કરીને બમણાં ઝોરથી ઝગડું છું.
- એકદમ ફાલતું કારણ પરથી પણ મારે ઝગડો થઇ જાય છે.
- ઝગડો કર્યાના થોડા વખત બાદ ઝગડો કર્યાનો કે એ વખતે બોલાયેલી વાતનો મને પશ્ચાતાપ થાય છે.
- ઝગડો થયા બાદ જે વ્યક્તિ સાથે થયો એના માટે મને રાગ, દ્વેષ, મત્સર, બદલો કે એની જેવી ભાવના થાય છે.
- ઝગડાના અમુક દિવસ બાદ હું શેના પરથી ઝગડ્યો એ યાદ આવતું નથી.
- ઝગડો કર્યા બાદ હું ઘણાં સમય કે દિવસ સુધી ઉકળેલો ફરતો રહું છું.
- પતિ-પત્નીના ઝગડામાં બાળકોને ખોટે ખોટું મારી બેસું છું.
- ઝગડાં બાદનાં અબોલામાં એ જ પહેલાં બોલે એવો આગ્રહ રાખું છું.
- ઝગડા બાદ એને છોડી દઉં એવું થાય છે.
- ઝગડામાં કાયમ મારું જ સાચું થાય, મારો જ વિજય થાય છે.
- મારું નાના કારણથી શરૂ થયેલું ઝગડાનું સ્વરૂપ છેલ્લે છેક મોટી બબાલ સુધી પહોંચે છે.
- ઝગડાં બાદ સામેની વ્યક્તિને હું માફ કરી શકતો નથી.
- ઝગડામાં એનામાં સમજદારી નથી અથવા એ મને સમજી શકતી નથી એવું હંમેશા લાગે છે.
- અમારામાં શંકાસ્પદ સ્વભાવને કારણે ઝગડા થાય છે.
- ઝગડાથી ઘરની શાંતિ ડહોળાય છે અને એની જવાબદારી સામેની વ્યક્તિની હોય છે.
- મારી ભૂલ હોવા છતાં હું સામેથી માફી માગતો નથી.
- ઝગડા પછીની 'ફરગેટ એન્ડ ફરગિવ' પોલિસી મને ગમતી નથી.
- ઝગડા કરવા સારાં નથી એવું ખબર હોવા છતાંય મારા મન મુજબનું ન થતાં મગજ ખસકી જાય છે, અને ઝગડો થાય છે.

—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

આ બધા પ્રશ્નોના જવાબ પ્રામાણિક પણે આપ્યાં ને? હવે એમાંથી રોજ એક એક પ્રશ્નનો જવાબ વિશ્લેષણ કરી એમાંથી પોઝિટીવ એક્શન શું લઇ શકાય એનો વિચાર કરવો. જો તમારું ક્યારેક જ સંતુલન જતું હોય અને નકારાત્મક વર્તન થતું હોય તો એમાં જલદીથી સુધાર આવશે, જો ગુસ્સાનું કે ઝગડાનું પ્રમાણ વધુ હોય તો મુદ્દાસર એક જ કારણ દૂર કરતાં જવું.

જે વ્યક્તિને મતભેદની પરિસ્થિતિ વ્યવસ્થિત હેન્ડલ કરતાં આવડતી નથી. જે વ્યક્તિમાં અહંકાર ખુબ હોય, અને એ અહંકારને કારણે બીજાનું સાંભળવું માને નહીં, પોતાનો દૃષ્ટિકોણ અલગ માનવો, વિચાર ગમે નહીં તોય કદર કે આદર કરવાનું ફાવે નહીં અને એ પોતે જ 'બલીનો બકરો' છે કે વિક્ટીમ છે એવું પોતે માનતો ફરે છે. ક્યારેક કોક આપણું કહેવું માને નહીં એવી સમજ થાય એટલે આપણે ઝગડીએ છીએ. મોટે મોટેથી બરાડા પાણી બીજાનું ધ્યાન આપણી બાજુ ખેંચવાનો પ્રયત્ન કરીએ છીએ, તો ક્યારેક પત્ની આપણી કેટલી ધાકમાં છે એવું બતાવવાંય ગુસ્સો કરીએ છીએ!

શીલાનો છોકરો સંતોષ માત્ર છ વર્ષનો છે. એ કંઇક બોલવા લાગે એટલે મોટે મોટેથી જ બોલે અને સાંભળનારને ત્રાસદાયક લાગે. શીલાએ જયારે એના વર્તન પરથી સંતોષને એવી પ્રતીતિ કરાવી કે, એ સંતોષનું બધું શાંતિથી સાંભળવાની છે, એની વાત સમજવાની છે અને એના માટે પુરતો સમય આપવાની છે. ધીમે ધીમે સંતોષ બુમબરાડા પાડવાનું છોડી દીધું, કારણ સ્પષ્ટ છે કે એને એમ હતું કે મને કોઇ સાંભળતું નથી. અને મમ્મીનું ધ્યાન ખેંચવાં જ એ બરાડતો હતો !

નંદિની ખુબ જ સહનશીલ છે. બીજાની ન ગમનારી, ખટકનારી વાતો પણ એ શાંતચિત્તે ચૂપ રહીને સાંભળી લે છે. પણ એકાદા દિવસે એકદમ ફાલતું કારણમાં એનો ગુસ્સો ભડકી ઉઠે છે. અને એ આખું ઘર માથે લે છે. નંદિનીને આ વાત ખબર પડી ગઇ એટલે એણે ન ગમનારી, ખટકનારી વાતોની તુરંત જવાબ આપવાનું ચાલું કર્યું, એ ખુલીને બોલવા લાગી અને પેલો ક્યારેક ઉછાળા મારતો જવાળામુખી પેટાળમાં શાંત થઇ ગયો!!

એક મોટી કંપનીના બોસ ભરતભાઇ કાયમ ગુસ્સામાં જ રહે, સ્ટાફને ખખડાવવો, અપશબ્દો બોલવા અને એમને માટે સામાન્ય હતું. એમની આગથી બચવા મોટા ભાગનો સ્ટાપ દૂરથી જ સલામ કરતો. એમનાં ગુસ્સા પાછળનું કારણ ઘરનો કંકાસ હતો એ એમનાં ધ્યાને આવ્યું. એમણે ધીમે-ધીમે ઓફિસ અને ઘરની સમસ્યા અલગ કરવાનું ચાલું કર્યું અને જે ભરતભાઇ કાયમ ગુસ્સા પર સવાર હતાં એ ક્યારેક જ ગુસ્સે થાય એટલો ફરક આવી ગયો!

ઝગડા થવા, ઓફિસ-ઘર-મિત્રો-સગા માં એ કોઇ મોટી વાત નથી. ઝગડામાં બંને વ્યક્તિ એમ સમજે કે અમે જ સાચ્યાં ત્યારે વાત વણસે છે. એટલે ઝગડો થાય ત્યારે પરિપક્વતાથી એકબીજાનું સાંભળી લેવું. ચર્ચા કરીને પણ મધ્યમમાર્ગ કાઢી શકાય. શાંત સ્વરમાં અને સારાં શબ્દોમાં બોલવાથી આપણે કાંઇ શરણાગતી સ્વિકારવા નથી, પણ આપણે સંબંધની પરવા કરીએ છીએ. ઝગડો ટાળવા માટે પ્રયત્ન આપણે જ કરવો, જરૂર પડે આંખ લાલ કરો પણ આખા લાલના થઇ જાવ!!

ચૂંટલો : ફાલતું કારણ પર ઝગડો કરી આપણે આપણું જ સ્વમાન ગુમાવીએ છીએ. બંને ત્યાં સુધી સામેવાળાને નાદાન સમજી છોડી દો કારણ કે જો આપણે સાચાં છીએ તો ગુસ્સો કરવાની જરૂર નથી અને જો આપણે ખોટા છીએ તો આપણને ગુસ્સાં કરવાની જરૂર નથી અને જો આપણે ખોટા છીએ તો આપણને ગુસ્સો કરવાનો અધિકાર નથી.

મંજુલાએ મનોજના મૃત્યુ બાદ પહેલીવાર ઘરની બહાર પગ મુક્યો હતો, જુના દિવસો યાદ કરતાં આંખમાં વારંવાર આંસુઓ આવતાં હતા, તે કયાંક એકલી જાય તે મનોજને ગમતું નથી, ત્યાં સુધી કે તેને પિયર પર તે એકલી જવા ન દેતો, પણ હવે તો આખું જીવન એકલાં જ ગુજારવાનું હતું, શોક કયાં સુધી રાખવો?

નવાં કલેવર

- નટવર હેડાઉ

મંજુલાની સામે પહાડ જેવી જિંદગી હતી. પતિ મનોજના આકસ્મિક મૃત્યુએ ક્ષણભંગુર જિંદગીને પહાડ જેવી બનાવી દીધી હતી. તેની સામે એ જ પ્રશ્ન હતો કે હવે આ જિંદગીનું શું? પરંતુ જેમ મૃત્યુનું કોઇને કોઇ કારણ હોય છે તેમ જીવવાનું પણ કોઇ કારણ મળતું જ હોય છે. હૃદયરોગ મનોજના મૃત્યુનું કારણ હતું. તો આર્જવ અને આરતી બંને મંજુલા માટે જીવવાનું કારણ હતાં. જીવવાનું કારણ તો હતું પણ જીવન નિર્વાહનું સાધન... મનોજ એક આંતરરાષ્ટ્રીય કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર હતો. ઘર, ફર્નિચર, કાર બધુ કંપનીનું હતું. બેફિકર જિંદગી જીવતા મનોજને હૃદયરોગનો હુમલો આવે એ વાત માનવામાં ન આવે તેવી હતી પણ સાચી હતી.

મંજુલાને જાણે કોઇએ નીચોવી લીધી હોય તેવા જીવે જીવતી હતી. મનોજનાં મૃત્યુ બાદ ઘણા દિવસો સુધી એ બેબાકળી રહી. તેને કંઇ ખ્યાલ જ ન હતો. તેની હાલત જોઇને બંને બાળકો ડરી ગયાં હતાં. આ મુસીબતના સમયમાં મનોજના મોટાભાઇ રવિન્દ્રએ તેને સાથ આપ્યો. કંપની તરફથી જે વળતર અને બીજા લાભો આપવામાં આવ્યા તે માટે રવિન્દ્રએ ખુબ પ્રયત્નો કર્યા. મંજુલા તો બસ સહીઓ કરી આપતી હતી. એ સમયે એક બીજી સમસ્યા ઉભી થઇ મંજુલાને કંપનીનું મકાન ખાલી કરવું પડ્યું. હવે મંજુલા પોતાના નાનાં નાનાં બાળકોને લઇને ક્યાં જાય. રવિન્દ્રએ એનો તોળ કાઢ્યો અને કહ્યું કે અમારા મકાનમાં આમ તો જગા નથી પણ જો તારો રહેવાની ઇચ્છા હોય તો ઉપરના ભાગે રહેવા માટે વ્યવસ્થા કરી દઇએ.

મંજુલાએ કોઇ વાંધો ન લીધો. તે સિવાય બીજો કોઇ રસ્તો પણ દેખાતો ન હતો. એ રીતે મંજુલા પોતાના બંને બાળકો સાથે જેઠના મકાનના ઉપરનાં ભાગે રહેવા લાગી.

આ એવો સમય હતો કે મંજુલાના દુઃખનો પાર ન હતો. ચારે તરફ અંધકાર જ અંધકાર દેખાતો હતો. દુઃખમાં ડુબેલી મંજુલા તેની જેઠાણી જે આપે તે ચુપચાપ ખાઇ લેતી અને ખૂણામાં મોં ઢાંકી પડી રહેતી. વર્તમાન સાથે જાણે કે તેને કોઇ સંબંધ જ ન હોય તેમ અતિતના સાગરમાં ડૂબકીઓ ખાતી હતી. મનોજની સાથે વિતેલ પળો તેની કલ્પનામાં સાકાર થતી અને એ વિતેલી પળોની સ્મૃતિમાં પોતાની આજ વિતાવતી હતી. પણ આ બધુ બહુ દિવસ સુધી ચાલ્યું નહીં. સહાનુભૂતિ અને સદ્ભાવના હવે ઓસરવા લાગી હતી. આમ પણ માણસ તેના આચરણમાં આડંબર વધુ દિવસો સુધી કરી શકતો નથી. છેવટે એ પોતાના અસલી રૂપમાં આવી જાય છે. ધીમે ધીમે મંજુલાની આસપાસનું વાતાવરણ પણ બદલી રહ્યું હતું. સાચી સંવેદના દેખાડાનું રૂપ લઇ હવે સંપૂર્ણ રીતે વિદાય લેવાની તૈયારીમાં હતી અને એક દિવસ જેઠાણીએ તેને સંભળાવી દીધું. 'મહારાણી કામ હોય ત્યારે તો પતિનાં શોકમાં ડુબી જાય છે પણ ખાતી વખતે તો જરાય દુઃખી હોય એમ લાગતું નથી. હવે હું એકલી ક્યાં સુધી આ બધું કર્યાં કરું.'

ધીમે ધીમે મંજુલાએ સવિતાનું ઘરનું કામકાજ સંભાળી લીધું. એ સાથે સવિતા હવે ખાટલેથી પાટલે બેસી હુકમ બજાવવા લાગી અને મંજુલા મુંગે મોંએ હુકમનું પાલન કરવા લાગી. રવિન્દ્ર જો ક્યારેક મંજુલાનો પક્ષ લે તો એ તેને પણ સંભળાવી દેતી. ઘરકંકાસથી બચવા રવિન્દ્ર પણ ચૂપ રહેવા લાગ્યો. તલવાર કરતાં પણ જીભ વધારે ધારદાર હોય છે.

જૂન મહિનાની શરૂઆત હતી. સવિતા તેના દીકરા શિવાંગને સ્કૂલમાં એડમિશન માટે દોડાદોડ કરતી હતી. મંજુલાને પણ આ આર્જય અને આરતીને સ્કૂલમાં મોકલવાની ચિંતા થઇ. આરતી તો ભણવા જતી હતી પણ મનોજના મૃત્યુને કારણે જગ્યા બદલવાથી તેનો અભ્યાસ છૂટી ગયેલો. મંજુલા વિચારવા લાગી કે તેની જિંદગી તો હવે આમ જ જતી રહેશે પણ પોતાની દીકરી અને દીકરાનું શું? ના... ના... તેમના માટે કંઇક વિચારવું પડે. એ જ વિચારોમાં એ દિવસભર ખોવાયેલી રહી. રાતે સવિતા અને રવિન્દ્ર જમવા બેઠા હતા ત્યારે મંજુલા એ તેનાં બાળકોના ભણતરની વાત કરી. તેણે કહ્યું કે મારાં બાળકોના એડમિશન માટે પણ પ્રયત્ન કરવાની જરૂર છે. આ સાંભળી રવિન્દ્ર એ હકારમાં માથુ ધુણાવી આશ્વાસન આપ્યું.

રાત્રે મંજુલાને ઊંઘ આવતી ન હતી. ગળું સૂકાતું હતું. તે પાણી પીવા ઊભી થઇ. કિચન નીચે હતું. તેથી તે નીચે ઉતરી. કિચનમાં જવા માટે જયારે તે રવિન્દ્ર અને સવિતાના ઓરડાની સામેથી પસાર થતી હતી ત્યારે તેને અવાજ સંભળાયો. ચોરીછૂપી રીતે કોઇને વાતો સાંભળવી એ બરાબર નથી. ચોરી જેવું જ પાપ છે. પણ મનની જિજ્ઞાસાને રોકવી પણ મુશ્કેલ હોય છે. વળી જે કરવા પર પ્રતિબંધ હોય તે કરવાનું ન વધુ થાય એવું બનતું હોય છે. મંજુલા પણ પોતાની જાતને રોકી શકી નહીં. અને બારણા પાસે છુપાઇને ઉભી રહી ગઇ. તેણે સાંભળ્યું કે સવિતા રવિન્દ્રને કહી રહી હતી કે 'મંજુલાના બાળકોનો બોજો આપણે ક્યાં સુધી ઉઠાવીશું. ત્રણ ત્રણ બાળકોને સારી સ્કૂલમાં ભણાવવાનો ખર્ચ કેટલો આવે.'

'મંજુલાને ચોખ્ખે ચોખ્ખું કેમ કહી દેતા નથી કે તે પોતાની વ્યવસ્થા કરે.'

'પણ મંજુલા શું વ્યવસ્થા કરશે.' રવિન્દ્રએ કહ્યું. મનોજને કંપનીમાંથી જે કંઇ રકમ મળવાપાત્ર હતી એ તો આપણે લઇ લીધી છે. તેં કહ્યું એટલે એમાંથી આપણે ઉપર મકાન બનાવડાવ્યું. હવે જો તારી વાત માની પણ લઉં તો એ આપણી પાસે હિસાબ માંગશે.

'હિસાબ માંગશે, શેનો હિસાબ... કહી દઇશું. આટલાં વરસ ખવડાવ્યું પીવડાવ્યું તેનો ખર્ચ કયાં ગયો. એક વર્ષથી આ ઘરમાં રહે છે તેનું ભાડું આપણે માંગ્યું છે.'

'પણ...'

'પણ ને બણ કંઇ નહીં,' બસ તમે ચુપ રહેજો. જો મંજુલા વધારે માથાકૂટ કરશે તો તેમાં છોકરાઓનું એડમિશન સરકારી સ્કૂલમાં કરાવી દઇશું.

(ક્રમશઃ)

જીવનમાં પ્રેમને ઉંમરનો કાટ લાગતો નથી

ગુલમહોર

- દિનેશ દેસાઈ

વૅસ્ટર્ન મ્યુઝિકમાં તમે "રોક-ઍન-રોલ" નામ સાંભળ્યું જ હશે. "ધ કિંગ ઓફ રોક-ઍન-રોલ"થી વધુ જાણીતા અને પોપ મ્યુઝિકના પ્રણેતા, વીસમી સદીના મહાન અમેરિકન પાર્શ્વગાયક ઍલ્વિસ પ્રિસલી (જન્મ : ૧૯૩૫, નિધન : ૧૯૭૭)એ એક વાર કહ્યું હતું કે "પ્રેમને ઉંમર સાથે નહીં, બે હૃદય સાથે સંબંધ હોય છે. લગ્ન પ્રેમમાં બાધક નહીં, ઉપકારક હોય છે. લગ્ન કર્યા હોય કે ન કર્યા હોય, પરંતુ જીવનમાં પ્રેમને ઉંમરનો કાટ ક્યારેય લાગતો નથી. સાચા પ્રેમનું આ જ સત્ય છે." ઍલ્વિસની વાત ભીતરથી પ્રેમની ઊર્જા પ્રકટાવનારી છે. સને ૧૯૫૪માં ૧૯ વર્ષની વયથી ઍલ્વિસે પોતાની મ્યુઝિક કૅરિઅર શરુ કરી. તેના ગીતમાં, સંગીતમાં પ્રેમ જ જોવા મળે, સાંભળવા મળે. પ્રેમને ઉંમરનું બંધન નડે? જવાબ છે, "ના." પ્રેમલગ્નમાં રિસામણાં-મનામણાં ન થાય તો જ નવાઈ. પ્રેમલગ્ન ન હોય અને સમાજમાન્ય લગ્ન હોય તો પણ બે વ્યક્તિ વચ્ચે બોલચાલ, લડાઈ-ઝગડા, આક્ષેપ-પ્રતિ આક્ષેપ વગેરે જીવનવ્યવહારનો ભાગ પણ બન્યો હોય. ઝગડો ન થયો હોય એવું દંપતી શોધ્યું જડે નહીં. જો કોઈ એમ કહે કે તેમની વચ્ચે જીવનમાં કદાપિ ઝગડો થયો જ નથી, તો તેઓ યા તો ખોટું બોલે છે અથવા દંભ કરે છે. પ્રેમમાં અને એ રીતે કોઈ પણ સંબંધના વૃક્ષારોપણમાં રિસામણાં-મનામણાં તો જળસિંચનનું કામ કરે છે. એવું જળસિંચન પણ જરુરી હોય છે. એમાંથી જ તો પ્રેમની તાકાત વધે છે. પ્રેમ પણ વધુ મજબુત થાય છે. દરેક વ્યક્તિઓમાં કોઈ ખુબી તો કોઈ ખામી હોવાની જ. જો તમે વ્યક્તિને ચાહો તો સર્વાંગ-સંપૂર્ણ ચાહો. તેની દરેક ખુબીઓ અને ખામીઓ સાથે ચાહો. કેમ કે જો માત્ર ખામીઓ જ જોયા કરશો તો રેતઘડીની માફક સમય વહી જશે અને પ્રેમ પણ વરાળ બનીને ઊડી જશે. પ્રેમ અને ઉંમરને કોઈ સંબંધ નથી, એમ કહેતા કવિ સુરેશ દલાલે લખેલું ગીત યાદ આવે : "કમ્માલ કરે છે, ધમ્માલ કરે છે... એક ડોસી, ડોસાને હજી વ્હાલ કરે છે..." એવી જ એક સરસ મજાની લવસ્ટોરી છે. જેમાં લવબર્ડ ઉપર ઉંમરનો કાટ લાગ્યો નથી. પ્રેમ હોય અને લગ્ન પણ થયાં હોય ત્યારે સહજીવન અને સહઅસ્તિત્વ હોવાનું. લગ્ન ન થયાં હોય તો પણ પ્રેમમાં સહઅસ્તિત્વ અને સહોપસ્થિતિ હોય જ. વાત પેલી લવસ્ટોરીની કરીએ : અમેરિકાની વાત છે. રોબિન અને મારિયાએ લગ્નજીવનનાં ૫૦ વર્ષ સાથે ગાળ્યાં છે. બેઉએ પ્રેમલગ્ન કર્યાં હતાં. તમામ સુખ-દુઃખ સાથે અનુભવ્યાં છે. એકમેક સાથે તમામ વાતોની આપ-લે કરી છે. બેમાંથી કોઈ પણ એક જણે બીજાથી કશું ક્યારેય છુપાવ્યું પણ નથી. પરંતુ મારિયાએ એક વાતનું હંમેશા સસ્પેન્સ રાખ્યું હતું. એક "શૂઝ બોક્ષ"નું સસ્પેન્સ. મારિયાએ પ્રેમલગ્ન થયાં ત્યારથી રોબિનને કહી રાખેલું કે ઘરના મૅઈન ડોરની ભીતર હું આ શૂઝ બોક્ષ રાખું છું. એને કોઈ લોક કરતી નથી. પરંતુ એ ક્યારેય ખોલીને જોવાનું નહીં. રોબિને પણ આ વાતની સંમતી આપી હતી અને એ વચન ૫૦ વર્ષ સળંગ નિભાવ્યું. લગ્નનાં ૫૦ વર્ષ પછીની વાત છે. એક દિવસ મારિયા અચાનક બીમાર પડી. રોબિને તેની તબીબી તપાસ કરાવી. ડોક્ટરે દવાઓ અને ટ્રિટમેન્ટ આપી અને કહ્યું કે વધતી ઉંમરની સમસ્યા છે. રિકવરીના ચાન્સ નથી. રોબિન સમજી ગયો કે મારિયા હવે મરણપથારીએ છે. તેણે ૫૦ વર્ષોથી સાચવી રાખેલું કુતૂહલ વ્યક્ત કર્યું. રોબિને કહ્યું કે "મારિયા, શું હું તારું શૂઝ બોક્ષ હવે જોઈ શકું? મને ખુબ જિજ્ઞાસા થાય છે." મારિયાએ હવે સસ્પેન્સ રાખવાની કોઈ જરુર ન લાગી આથી તેણે સંમતી આપી. રોબિને શૂઝ બોક્ષ ખોલીને જોયું તો તેમાં શૂઝ નહોતા પરંતુ ક્રાફ્ટવર્ક કરેલી બે ઢિંગલી હતી અને ૯૫,૦૦૦ યુ.એસ. ડોલર હતા. રોબિનને તો કશું સમજાતું નહોતું. તેણે મારિયાને પુછી જ લીધું કે "આ શું છે?" મારિયાએ કહ્યું કે "જે તને દેખાય છે, એ જ છે. બે ઢિંગલી અને થોડાં નાણાં." રોબિને આગ્રહ કર્યો કે "તું મને વિગતવાર સમજાવ." મારિયાએ ભીના પ્રેમાળ અવાજે જવાબ આપ્યો કે "જ્યારે આપણાં પ્રેમલગ્ન થયાં ત્યારે મારાં દાદીમાએ મને કોઈ મૂલ્યવાન ભેટ તો નહોતી આપી પણ એક સોનેરી સલાહ જરુર આપી હતી. દાદીમાએ મને કહેલું કે સફળ લગ્નજીવનનું રહસ્ય એટલું જ છે કે ક્યારેય તમારા જીવનસાથી સાથે પરસ્પર દલીલો ન કરવી. તેમણે મને સમજાવ્યું હતું કે જ્યારે મને તમારા ઉપર કોઈ પણ વાતે ગુસ્સો આવે ત્યારે મારે ગુસ્સો ભુલીને સરસ મજાની ઢિંગલી બનાવવા માટે બેસી જવું. તમારા તરફના ગુસ્સા પરથી મારું ધ્યાન હું કળા તરફ વાળી દઉં." ૭૨ વર્ષનો રોબિન તો ખુશ થઈ ગયો. તેની આંખોમાં આનંદના આંસુ આવી ગયા. તેને થયું કે પોતાનો એટલો સરસ વ્યવહાર અને વર્તન રહ્યાં કે પાછલાં ૫૦ વર્ષોમાં મારિયાને ફક્ત બે વાર જ ગુસ્સે થવું પડ્યું. કેમ કે શૂઝ બોક્ષમાં ફક્ત બે જ ઢિંગલી હતી. તેને મારિયા સાથેનાં પોતાના સુખી લગ્નજીવન વિશે આનંદ અને ગર્વ પણ થયાં. જો કે તેને પેલા નાણાંની નવાઈ અકબંધ હતી. એ સસ્પેન્સ હજુ ખુલવાનું બાકી હતું. એ વિશે પણ રોબિને પત્નીને પુછી લીધું કે "મારિયા, બે ઢિંગલી જોઈને મને એ તો ખબર પડી ગઈ કે તું મારી સાથે ખુશ અને સુખી જ છે. પરંતુ આટલા બધા નાણાંનું શું? એ ક્યાંથી આવ્યા એ તો કહે." મારિયાએ કહ્યું કે "હા, કહું જ છું કે આ ૯૫,૦૦૦ યુ.એસ. ડોલર ક્યાંથી આવ્યા? હું જે કોઈ ઢિંગલી બનાવતી એને થોડા થોડા સમયે એક-એક ડોલરની કિંમતમાં વેચી પણ નાખતી હતી. આ

પ્રેમમાં અને એ રીતે કોઈ પણ સંબંધના વૃક્ષારોપણમાં રિસામણાં-મનામણાં તો જળસિંચનનું કામ કરે છે, એવું જળસિંચન પણ જરુરી હોય છે, એમાંથી જ તો પ્રેમની તાકાત વધે છે, પ્રેમ પણ વધુ મજબુત થાય છે

૯૫,૦૦૦ યુ.એસ. ડોલર ઢિંગલી વેચીને મળેલી રકમ છે. જે મેં શૂઝ બોક્ષમાં સાચવી રાખી છે. મારા મોત પછી કદાચ તને આ રકમ કામ લાગી શકે. મારા મોત પછી પણ હું તને સાથ આપીશ. તું અનુભવી શકીશ કે તું મારા ગયા પછી પણ એકલો નથી. હું હંમેશા તારી સાથે જ રહીશ." રોબિનની આંખમાં ઝળઝળિયા આવી ગયા. તેને ખબર પડી ગઈ કે તેણે ૫૦ વર્ષનાં લગ્નજીવનમાં પોતાની પત્ની મારિયાને લગભગ ૯૫,૦૦૦ વખત દુભવી છે, દુઃખી કરી છે. જેથી મારિયાને આટલી બધી વાર ગુસ્સો પણ આવ્યો અને તેમ છતા તેણે પોતાના ગુસ્સા ઉપર નિયંત્રણ પણ રાખ્યું. છેલ્લે રોબિન ફક્ત એટલું જ બોલી શક્યો કે "ખરેખર, મારિયા, તું મહાન છે."

સ્ટોપર : "પ્રેમમાં જો કોઈ લેવડદેવડ હોય તો એ માત્ર સમર્પણની જ હોય."

— નિત્સે